# વાઘની રીતિનીતિ

## રૉબિન જેન્સન દ્વારા લિખિત વાર્તા

*ચીની રાશિચક્ર, બાર વર્ષીય ચક્ર હોય છે, જેનું પુનરાવર્તન થતું રહે છે. દરેક વર્ષનું પ્રતીક એક પશુ હોય છે અને એવું માનવામાં આવે છે કે એ વર્ષે જન્મેલાં લોકો, આ પશુના ગુણોને પ્રતિબિંબિત કરે છે.*

*વર્ષ ૨૦૨૨માં, ચાંદ્રતિથિ અનુસાર ચીની નવવર્ષ મંગળવાર, ૧ ફેબ્રુઆરીએ મનાવવામાં આવશે. ચીની રાશિચક્રનું આ ત્રીજું વર્ષ છે, જેનું નામ વાઘનું વર્ષ છે.*

*ચીનમાં વાઘને બધાં પ્રાણીઓના રાજા તરીકે પૂજવામાં આવે છે તેમજ તેના બળ, પરાક્રમ, શક્તિ અને શૌર્યને કારણે તેનો આદર કરવામાં આવે છે. એવી જ રીતે માનવામાં આવે છે કે વાઘના વર્ષમાં જન્મેલાં લોકો પરાક્રમી, શૂરવીર અને આત્મવિશ્વાસી હોય છે તથા તેમનામાં દ્રઢતા, નેતૃત્વ, મૈત્રીભાવ અને મોહકતા જેવા ગુણો પણ હોય છે.*

એક યુવક દરવાજાની પાસે ખૂંટી પર લટકતી બે મોટી બાલદી લઈને પાણી લેવા માટે ગામના સીમાડે ઝડપથી જઈ રહ્યો હતો. તેણે બપોરની ભર ગરમીમાં, જૂગટું રમી રહેલા રાજાના સૈનિકો માટે પાણી લઈ જવાનું હતું હતું, બાલદીઓનાં વજનથી તેના સ્નાયુઓ ખેંચાઈ ગયા હતા.

ત્યાં જતાં રસ્તામાં તે કેટલાક સૈનિકો પાસેથી પસાર થયો જેઓ રાજા દ્વારા લગાવેલા કરની વસૂલી માટે ગામનાં લોકોનાં અનાજ પર કબજો કરી રહ્યા હતા. ગામનાં લોકો પોતાના પરિવારને ખાવા પૂરતા ચોખા માટે આજીજી કરી રહ્યાં હતાં એ જોઈને તેને ભારે દુઃખ થયું. પરંતુ સૈનિકોને કોઈ દયા નહોતી. આ કર વસૂલ કરનાર રાજા ક્રૂર હતો, તેના રાજમાં લોકો ભૂખે મરી રહ્યાં હતાં. એક સમયે આ ગામ ઘણું સુખી-સમૃદ્ધ હતું, પણ હવે આ રાજાના શાસનમાં ખૂબ જ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યું હતું. ગામના ધ્વજને સુશોભિત કરતું મહાશક્તિશાળી વાઘનું પ્રતીક જે ક્યારેક લોકોનાં જોશને દર્શાવતું હતું અને પરાક્રમની પ્રેરણા આપતું હતું, તે હવે ભય ઉત્પન્ન કરી રહ્યું હતું.

એ યુવકનું હૃદય ક્રોધાવેશથી ભરાઈ ગયું, તેણે પ્રતિજ્ઞા લીધી કે તે તેના પરિવાર અને પડોશીઓનાં દુઃખનો અંત લાવશે. બસ તે ‘ટાઇગર માઉન્ટેન’ના શિખર પર પહોંચી જાય તો કામ થઈ જશે! અયનકાળનો સમય હતો; આજે રાત્રે તેની પાસે એક સારી તક હતી!

જીવનભર તેની દાદીએ તેને વાઘની દંતકથા સંભળાવી હતી કે કેવી રીતે દર બાર વર્ષે ગ્રીષ્મ અયનકાળની પૂર્વસંધ્યાએ ગામના યુવકો મહાન સફેદ વાઘની ખોજમાં એ પાવન પર્વત પર ચઢીને જતા હતા. જે પણ વ્યક્તિ વાઘનો સામનો કરતી અને એ વિકરાળ પ્રાણી પાસેથી આશીર્વાદરૂપે તેનો દાંત, તેની મૂંછનો એક વાળ કે પછી ઉઝરડાનું કોઈ નિશાન પણ લઈને આવતી, તે રાજવંશના અધિકારી તરીકે ‘‘વાઘની સંમતિથી’’ ગામ પર શાસન કરી શકતી હતી. તેની દાદીએ કહ્યું હતું કે ભૂતકાળમાં શાસકો તે મહાશક્તિશાળી પ્રાણીનું આવાહન કરતા અને તેમને વિશ્વાસ હતો કે વાઘના કલ્યાણકારિતા, પરાક્રમ અને બળ જેવા અસાધારણ સદ્‌ગુણો અપનાવવાથી તેમને શાસન કરવામાં માર્ગદર્શન મળશે.

આજે રાત્રે, તે યુવક આ દંતકથાને સાચી માનીને પોતાનું જીવન દાવ પર લગાવી રહ્યો હતો. જોકે હાલમાં એવી એકપણ વ્યક્તિ જીવિત નહોતી જેણે એ દિવ્ય પ્રાણીને ક્યારેય જોયું હોય, તેમ છતાં યુવકની દાદી તેમજ ગામના વડીલોને સંપૂર્ણ વિશ્વાસ હતો કે વાઘની દયાદૃષ્ટિ તેમનાં લોકોની રક્ષા કરી રહી છે. તે યુવકે વિચાર્યું, *મારે એ વાઘને શોધવો જ પડશે, નહીં તો અમારા બધાંનો નાશ થઈ જશે.*

સફળ થવાના દઢનિશ્ચય સાથે એ યુવક જ્યારે સૈનિકો પહેરો બદલી રહ્યા હતા ત્યારે ધીમેથી ત્યાંથી નીકળી ગયો કારણકે હવે રાજાના આદેશાનુસાર કોઈને પણ ‘ટાઇગર માઉન્ટેન’ પર જવાની મનાઈ હતી. એક છરો અને મશાલ તેમજ તેની દાદીના આશીર્વાદ લેવા માટે તે ઝડપથી એ નાની ઝૂંપડીમાં ગયો જ્યાં તે તેની દાદી સાથે રહેતો હતો.

દાદીને પોતાની યોજના વિશે જણાવ્યા પછી, તે બંને થોડી ક્ષણો માટે મૌન ઊભાં રહ્યાં, તેના નિર્ણયની ગંભીરતા વાતાવરણમાં મહસૂસ થઈ રહી હતી.

એ દયાળુ વૃદ્ધાએ પોતાના હાથોને એ યુવકના ચહેરા પર પ્રેમથી ફેરવતા દઢતાપૂર્વક કહ્યું, ‘‘મારા દીકરા, આ જ સમય છે હિંમત દેખાડવાનો.’’ મોટા સ્મિત સાથે તેણે તેને કહ્યું, ‘‘યાદ રાખજે, જે હૃદયથી શૂરવીર છે, એ જ સાચો શૂરવીર છે. હિંમત રાખજે!’’ યુવકને જોરથી ભેટીને તેણે કહ્યું, ‘‘મારા આશીર્વાદ છે કે તને વાઘનાં દર્શન થાય!’’ પછી તે વૃદ્ધા ગર્વથી તેના પૌત્રને જોતી રહી જે હાથમાં સળગતી મશાલ લઈને જંગલમાં અદૃશ્ય થઈ ગયો.

તે એક વિકટ યાત્રા હતી. શરૂઆતમાં જ્યારે તે પર્વત પર ચઢી રહ્યો હતો ત્યારે સૈનિકો અને તેમના રાજાની ક્રૂરતાને લીધે તેના મનમાં ભરાયેલો ગુસ્સો અને આક્રોશ થોડા સમય સુધી તેની તાકાત બનીને રહ્યા. તે પોતાના છરાથી ઝાડીઝાંખરાઓ અને વેલાઓને કાપતો, રસ્તો બનાવતો એવી રીતે જઈ રહ્યો હતો, જાણે તેના દરેક ફટકાથી તે કોઈક રીતે એ બધાં જ અત્યાચારોને સમાપ્ત કરી દેશે જેને તે અને બીજાં બધાં ગામનાં લોકો સહન કરી રહ્યાં હતાં.

તેના આક્રમક ગુસ્સાને કારણે, તે યુવકને પવન કે વૃક્ષોનો વિલાપ કે જંગલમાં દોડી રહેલાં એ નાનાં-નાનાં પ્રાણીઓનો અવાજ સંભળાતો નહોતો, જેઓ યુવકના પ્રકોપથી ડરીને ભાગી રહ્યાં હતાં.

અંતે તે થોભ્યો, તેનો ક્રોધ શાંત થઈ ગયો હતો અને તેનો આવેશ ઓછો થઈ ગઈ હતો. તેણે પશ્ચાતાપ સાથે ત્યાં તૂટેલી, લટકેલી ડાળીઓ અને જંગલમાં જબરદસ્તીથી બનાવેલી વાંકીચૂંકી પગદંડી જોઈ. તેણે વિચાર્યું, *મેં મારા ગુસ્સામાં આટલી બધી વનસ્પતિઓને નુકસાન પહોંચાડ્યું. પણ તેનાથી મને શું મળ્યું? આ રીતે તો આગળ ન વધી શકાય!*

તે ત્યાં જ ઘૂંટણિયે બેસી ગયો. ધરતીને માફી માગતા તેણે તેનો છરો ત્યાં જ અર્પિત કરી દીધો અને પ્રાર્થના કરી, *મને એવી દૃષ્ટિ પ્રદાન કરો કે હું સાચી કલ્યાણકારિતાથી જોઉં.*

હવે તે યુવકની સામે જે પણ આવતું તેને તે ખૂબ જ ધ્યાનથી જોવા લાગ્યો અને વનસ્પતિઓ વચ્ચેની જગ્યામાંથી જેમજેમ તેને કુદરતી રસ્તો મળતો ગયો, તેમતેમ તે પર્વત પર ચઢતો ગયો.

થોડા સમય પછી તેને લાગ્યું કે તેણે કોઈ નરમ વસ્તુ પર પગ મૂક્યો છે. તેણે મશાલને ઉપર કરીને તેના ઝાંખા પ્રકાશમાં તે નીચે નમીને બારીકાઈથી જમીન પર જોવા લાગ્યો. જોતા જ તેને ફાળ પડી કારણકે ત્યાં ભીની-પોચી જમીન પર એક વિશાળ પંજાની છાપ હતી. શું તે વાઘનો પંજો હોઈ શકે? એ જ ક્ષણે તેની મશાલ હોલવાઈ ગઈ અને હવે તેની ચારેબાજુ અંધકાર છવાઈ ગયો. ભયને કારણે તેના શરીરમાં કંપારી છૂટી ગઈ.

જંગલનો કર્કશ અવાજ અસહ્યરીતે વધી રહ્યો હતો અને તેને ખરાબ વિચારો આવવા લાગ્યા : *વાઘ આવી જશે તો હું શું કરીશ? મારી પાસે તો છરો પણ નથી, મશાલ પણ નથી, સુરક્ષા માટે કોઈ સાધન નથી. જો વાઘ મને દબોચી લેશે તો?* દરેક અવાજ અને પાંદડાંઓનો ખખડાટ કોઈ સંકટનો સંકેત આપતો હોય એવું લાગતું હતું. તે સારીરીતે શ્વાસ પણ નહોતો લઈ શકતો. ગભરાઈને નજર ઉપર કરતા તેણે ચાંદનીનો ઝાંખો પ્રકાશ જોયો અને તેને દાદીનો અવાજ સંભળાયો જે તેને પ્રોત્સાહન આપી રહ્યો હતો. ‘‘જે હૃદયથી શૂરવીર છે, એ જ સાચો શૂરવીર છે. હિંમત રાખજે!’’

તેમના શબ્દોથી માર્ગદર્શન પ્રાપ્ત કરીને તે યુવકે પર્વત પર ચઢવા માટે આગળ વધવાનો દૃઢનિશ્ચય કર્યો. તેણે પ્રાર્થના કરી, *હું યોગ્ય રીતે સાંભળું અને હિંમત પ્રાપ્ત કરું.* કલાકો વીતી ગયા, તે આગળ વધતો રહ્યો. તેની સામે ખડખડ કરતાં પાંદડાંઓના અવાજમાં તેની દાદીની સલાહનો પડઘો પડવા લાગ્યો. તે પાંદડાંઓ ધીરેથી કહી રહ્યાં હતાં, *હિંમત રાખજે. અમે તારી સાથે છીએ.* તેના શ્વાસપ્રશ્વાસ સહજ થવા લાગ્યા. તેના હૃદયમાં શાંતિ છવાઈ ગઈ. તે જંગલના અવાજને એક અવરોધ રૂપે નહીં પરંતુ એક સહચર, એક મિત્ર તરીકે સાંભળવા લાગ્યો. દરેક પગલે તેને આશ્વાસન મળતું ગયું અને વાઘને શોધવાનો તેનો નિશ્ચય વધારે દૃઢ થતો ગયો.

તે હજી પણ વધારે ઝડપથી ચાલવા લાગ્યો અને જેટલી ઝડપથી તે ચઢતો ગયો તેટલો તેનામાં આહ્લાદનો ભાવ પણ વધતો ગયો. તેને પોતાની અંદર ખૂબ જ સાહસનો અનુભવ થવા લાગ્યો. તેણે વિચાર્યું, *હું સાચે જ આ કરી રહ્યો છું, હું ખરેખર શૂરવીર છું! જ્યારે હું પાછો ફરીશ ત્યારે તેઓ કઈ-કઈ રીતે મારી પ્રશંસા કરશે. મારું બહુમાન કરવામાં આવશે. બની શકે કે હું રાજા જ બની જાઉં!* આમ, સતત તેનું મન પ્રશંસાની સંભાવનાઓને લીધે

ચકડોળે ચઢી ગયું. ખુશ થઈને તે મોટેથી હસવા લાગ્યો. પોતાની પ્રશંસા થશે એ વિચારોથી તે એટલો વિચલિત થઈ ગયો કે રસ્તામાં પડેલાં લાકડા પર અથડાઈને ઊંધા માથે પડી ગયો.

એ સમયે તેણે એટલી મોટી ગર્જના સાંભળી જેણે તેના અહંકારથી ભરેલાં દિવાસ્વપ્નોને વીંધી નાખ્યાં — મેઘગર્જના જેવી એ ગર્જના, જેને લીધે તેનું શરીર કાંપી ઊઠયું. એ ગર્જના તેને વર્તમાન ક્ષણમાં લઈ આવી. એ યુવકને કંઈ દેખાતું નહોતું પરંતુ તે જાણતો હતો કે વાઘ નજીક જ હતો. તે વાઘના સંરક્ષણમાં આશ્રય લેવા માગતો હતો અને તેણે પૂરા હૃદયથી પ્રાર્થના કરી, *હું સાચી વિનમ્રતાની શક્તિ સાથે યોગ્ય રીતે તમારી પૂજા કરું.*

તે ઊભો થયો અને સાવધાનીથી આગળ વધવા લાગ્યો, તેના શ્વાસની ગતિ સ્થિર હતી, તેનું કેંદ્રણ દઢતાથી લક્ષ્ય પર હતું. હવે તે શિખરની નજીક હતો અને પ્રત્યેક ક્ષણ મહત્ત્વની હતી. એક અંતિમ પગલું લીધું અને તે ગાઢ વૃક્ષો પાર કરીને એક વિશાળ ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યો. આકાશના અનંત વિસ્તારમાંથી નીચે પ્રસરી રહેલી ચાંદની બધી બાજુ પ્રકાશ ફેલાવી રહી હતી.

ચાંદનીનાં અજવાળામાં જ્યારે તેણે ચારે તરફ નજર કરી તો તે ખૂબ જ આશ્ચર્યચકિત થઈ ગયો; તેણે જોયું કે આ સ્થાન વૃક્ષોથી ઘેરાયેલું હતું અને ત્યાં ઊંચી-નીચી દરેક ડાળીના દરેક પાંદડા પર દરેક રૂપ, આકાર અને રંગનાં પ્રાણીઓ બેઠાં હતાં, લટકતાં હતાં કે સૂતેલાં હતાં. જંગલનાં બધાં પ્રાણીઓ મૌન સભામાં એકત્રિત થયાં હતાં. તેઓ નિર્દોષ દષ્ટિથી એકીટસે તેની તરફ જોઈ રહ્યાં હતાં.

અને ત્યાં મેદાનની વચ્ચોવચ બેઠો હતો, અત્યંત શાંત અને શાલીન, મહાશક્તિશાળી સફેદ વાઘ — અત્યંત વૈભવ, પ્રચંડ શક્તિ તેમજ સ્થિરતા અને શાંતિનું જીવતું-જાગતું સ્વરૂપ. ચાંદનીમાં વાઘની ચામડી આરસની જેમ ચમકી રહી હતી. વાઘની આંખોનું તેજ યુવકને ભેદીને તેના અંતરમાં પ્રવેશી ગયું.

વાઘની દષ્ટિ એવી હતી જેનો અનુભવ તેણે પહેલાં ક્યારેય નહોતો કર્યો. તેની બધી નબળાઈઓ વિલીન થઈ ગઈ; તેની બધી શંકા દૂર થઈ ગઈ. તે ખૂબ જ પ્રશાંતિનો અનુભવ કરવા લાગ્યો. પરાક્રમ અને વિશ્વાસથી તે વ્યાપકતાનો અનુભવ કરવા લાગ્યો — વિશ્વાસ તેના પોતાનામાં અને અંતરના ઊંડાણમાં તે જે હતો તેમાં.

તેનો હાથ આપોઆપ તેના હૃદય પર આવી ગયો. તેણે આંખો બંધ કરીને આદરભાવ અને કૃતજ્ઞતાથી પોતાનું મસ્તક નમાવ્યું. લાંબા સમય સુધી તે યુવક આ રીતે ઊભો રહ્યો, તે મનની આંખોથી વાઘનાં દર્શન કરતો રહ્યો, વાઘની ઉપસ્થિતિમાં સ્નાન કરતો રહ્યો અને વાઘના ગુણોને મહસૂસ કરતો રહ્યો — વાઘની કલ્યાણકારિતા, પરાક્રમ અને બળ — જે તેના અંતરમાં પ્રકાશિત થઈ રહ્યા હતા.

જ્યારે તેણે મસ્તક ઉઠાવીને ઉપર જોયું તો વાઘ જતો રહ્યો હતો. તેણે ચારેતરફ નજર કરી અને જોયું કે ખુલ્લા મેદાનમાં તે એકલો જ હતો. શું આ દષ્ટાંત તેને સ્વપ્નમાં થયું હતું? એ કેટલું વાસ્તવિક લાગતું હતું! તેના હૃદયમાં હજી એનો અનુભવ થઈ રહ્યો હતો — અને એ વાસ્તવિક *હતો.* તે આનંદ અને એક નવા ઉદ્દેશ્યની ભાવનાથી ભરાઈ ગયો. નિશ્ચિતરૂપે, હવે તે પોતાના ગામને બચાવી શકશે.

*તેણે વિચાર્યું, અરે! પણ મારી પાસે તો વાઘની મૂંછનો વાળ નથી, તેનો દાંત નથી, વાઘે મારા પર કરેલું કોઈ નિશાન નથી.*

તેમ છતાં, શું તેને એ પાવન વાઘનાં દર્શનથી આશીર્વાદ નથી મળ્યા? શું તેમણે મહાન મૌનમાં એકબીજાની સાથે હૃદયથી વાત નહોતી કરી?

તે જાણતો હતો કે તેણે શું કરવાનું છે...

નીચે નગરચોકમાં, જૂનો રાજા લોકોની ભીડથી ઘણો ઉપર સોનાના સિંહાસન પર બેઠો હતો અને તેને એ સૈનિકોથી તાકાત મળી રહી હતી, જે પોતાની તલવારની ધાર નિઃશસ્ત્ર ગામનાં લોકો તરફ તાણીને રાજાને ઘેરીને ઊભા હતા. હસીને મજાક ઉડાવતા તે રાજાએ કહ્યું, ‘‘શું અહીં કોઈ છે જે આ અયનકાળના દિવસે મને લલકારી શકે?’’ લોકો બેચેન થઈને ચૂપચાપ ઊભાં હતાં. રાજાએ કહ્યું, ‘‘મને નથી લાગતું!’’

ભીડની પાછળથી અવાજ આવ્યો, ‘‘થોભો! મેં જોયો છે વાઘને! હું પર્વત પર ચઢ્યો હતો અને મેં તેને જોયો છે જે ત્યાં રહે છે. હું દાવો કરું છું કે મને વાઘની આજ્ઞા મળી છે!’’

ગામનાં લોકો અવાક્ રહી ગયાં અને દરેક વ્યક્તિ પાછળ વળીને જોવાં લાગી કે કોણ બોલી રહ્યું છે.

યુવક આગળ આવ્યો, તેની આંખો નવી શક્તિ અને અધિકારથી ચમકી રહી હતી.

તે યુવકને જોઈને રાજાએ તિરસ્કારથી સ્મિત કર્યું. તેણે કહ્યું, ‘‘એમ! તું તો હજી બાળક છે! અને મને તારા પર કોઈ નિશાન પણ નથી દેખાતું. અમને નિશાન બતાવ — કે તારી પાસે કોઈ પુરાવો જ નથી?’’

વાઘનાં દર્શનને પોતાના અંતરમાં યાદ કરીને તે યુવક લાંબા ડગલાં ભરતો ભીડની આગળ આવ્યો. રાજાની સામે જોઈને તેણે કહ્યું, ‘‘અમે એક છીએ. મેં તેને જોયો છે.’’

યુવકની આંખોમાં કંઈક જોઈને હવે ગભરાઈ ગયેલો અને વિચલિત થઈ ગયેલો જૂનો રાજા કૂદીને ઊભો થઈ ગયો અને મોટેથી ચીસ પાડીને બોલ્યો, ‘‘આ ઢોંગીને દૂર લઈ જાઓ! તેણે પર્વત પર જવાનો અપરાધ કર્યો છે!’’

સૈનિકો તેમના ભાલા લઈને આગળ વધ્યા, પરંતુ વાઘ વધારે ઝડપી હતો — વીજળીની ગતિ કરતાં પણ વધારે ઝડપી. મહાન સફેદ વાઘે — ‘ટાઇગર માઉન્ટેન’ના એ સુપ્રસિદ્ધ પ્રાણીએ — સૈનિકો અને યુવકની વચ્ચે છલાંગ લગાવી, તેના તીક્ષ્ણ ધારવાળા પંજા રાજા તરફ કરીને તેણે એટલી મોટી ગર્જના કરી કે આખા ગામમાં તેનો પડઘો પડવા લાગ્યો. ડરથી કાંપતા સૈનિકો તેમનાં શસ્ત્રો ફેંકીને ગામમાં ભાગી ગયા. અને સિંહાસનની પાછળ છૂપાયેલો જૂનો રાજા ધીરેથી સરકીને ભાગી ગયો અને પછી ક્યારેય દેખાયો નહીં.

ગામવાસીઓ વિસ્મય અને આનંદથી તેમનાં જાણીતા અને પ્રિય યુવકને સિંહાસન પર બેસતા જોઈ રહ્યાં. મહાન વાઘ તેના પગ પાસે બેસી ગયો અને તેણે યુવકને તેની મૂંછનો એક લાંબો વાળ આપી દીધો. અને પછી, તે મહાન સફેદ વાઘ જે ઝડપથી આવ્યો હતો તે જ ઝડપથી ગામની સીમા પર આવેલા જંગલમાં અદૃશ્ય થઈ ગયો.

ગામવાસીઓ જયજયકાર કરવા લાગ્યા, તેમનાં હૃદયમાંથી હર્ષનાદ આપોઆપ ઊઠવા લાગ્યો. યુવાન રાજાએ આદેશ આપ્યો કે રાજકોશને ખુલ્લો મૂકી દેવામાં આવે તેમજ નાનાં-મોટાં, બધાં લોકોમાં અનાજ અને જડી-બુટ્ટીઓ વહેંચી દેવામાં આવે. પછી સ્પષ્ટ અને ગુંજતા અવાજમાં તેણે ઘોષણા કરી, ‘‘વાઘની રીતિનીતિ ફરી સ્થાપિત થઈ ગઈ છે!’’

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.